તા. ૨૮. ૦૨-૨૦૨૫

ગુજરાત સમાચાર, પાના નં. ૦૨

## સી-પ્લેનની વાત હવામાં અને વોટર મેટ્રો ચર્ચામાં...

અમદાવાદમાં સી-પ્લેનની નિષ્ફળ યોજના હવામાં ગરકાવ થઈ છે અને વોટર મેટ્રોની યોજના ચર્ચામાં આવી છે. રાજ્ય સરકારે અમદાવાદની સાબરમતી અને સુરતની તાપી નદી સહિત ૧૮ શહેરોની નદીઓમાં વોટર મેટ્રો શરૂ કરવાની તૈયારી કરી છે તે જોતાં એવું લાગી રહ્યું છે કે રાજકીય નેતાઓ અને અધિકારીઓના ખિસ્સા સી-પ્લેનના આઈડિયા પછી ફરીવાર ગરમ થવાના છે.



પ્રથમ તબક્કે સાબરમતીમાં વોટર મેટ્રોનો કન્સેપ્ટ વિચારવામાં આવ્યો છે. આ હેતુ માટે કેન્દ્ર સરકારના નિષ્ણાંતોની એક ટીમે તાજેતરમાં સ્થળની મુલાકાત પણ લીધી હતી. આ પ્રોજેક્ટ માટે સરકારે કોચી મેટ્રોરેલ લિમિટેડને કામ સોંપ્યું છે. વાસણા બેરેજ થી ગિફ્ટ સિટીને આ વોટર મેટ્રો પરિવહન સાથે જોડવામાં આવનાર છે. ઉલ્લેખનીય છે કે સાબરમતી નદી પર સી-પ્લેન સેવા ઓક્ટોબર ૨૦૨૦માં શરૂ કરવામાં આવી હતી જે એક વર્ષ સુધી ચાલ્યા બાદ ઠપ્પ થઈ ગઈ હતી. સરકારે આ સુવિધા પાછળ ૨૨ કરોડનો ખર્ચ કર્યો હતો જે માથે પડ્યો છે.